# ૧.૧૧ જૈન શાસનની સુરક્ષા કરતા દેવ- દેવીઓનો પરિચય

જિનશાસન એટલે વીતરાગતીર્થંકરનું અનુશાસન. મોક્ષ માર્ગે આગળ વધવા માટે જે આત્મા સત્ય અહિંસાદિ ગુણો પ્રત્યેની રુચિ–પ્રીતિ અને પ્રયત્ન કરે તે જિનશાસનમાં ગણાય પરમાત્માના શાસનને જેમ યોગ્ય ગીતાર્થગુરુભગવંતો આગળ ચલાવતાં હોય છે. તેમ પરમાત્માના શાસનની સુરક્ષા–સંવર્ધન–ભક્તિ વગેરેની જવાબદારી પણ સમ્યગ્દૃષ્ટિ દેવો અને દેવીઓ કરતાં હોય છે.

જિનશાસનમાં પ્રવર્તમાન ચોવીશી તીર્થંકરોના દેવ–દેવીઓ–સોળ વિદ્યાદેવીઓ તથા પ્રચલિત જે શ્રીમણિભદ્રવીર, શ્રીઘંટાકર્ણમહાવીર, શ્રી ચક્રેશ્વરીદેવી શ્રી પદ્માવતી દેવી વગેરે જે જે શાસન પ્રસિદ્ધ દેવ–દેવીઓ છે. તે ગતભવોમાં એક કાળે તે–તે તીર્થંકર પરમાત્માના પરમ ઉપાસક ભક્તિવંત અને સંયમધર–સંયમપ્રેમી આત્મા હતા, અને છે. વર્તમાનમાં પણ પ્રભુશાસનના પરમભક્ત અને સેવક–સેવિકાપણે રહેલાં છે. આ બધા દેવ–દેવીઓ, પ્રભુ ભક્તિમાં શ્રદ્ધા સમર્પણ રાખનાર માનવો અને પ્રભુ ભક્તોને અદૃશ્ય સહાય કરતાં હોય છે. પ્રભુ ભક્તનું આત્મહિત કે આત્મકલ્યાણ થાય તે રીતે યથાયોગ્ય માર્ગદર્શન, વિઘ્નવિનાશ, દુ:ખપ્રણાશ, મુક્તિ વિકાસ વગેરેમાં સહાય–સંકેત કરતાં હોય છે.

આ સમકિતવંત પરમ દેવાત્માઓ કે દેવીઓ મોક્ષ તરફ નજીકના ભવોમાં ગમન કરી સિદ્ધત્વ પામનારા છે. આપણા સાધર્મિક બંધુ તુલ્ય છે. પરમ હિત કરનારા છે. છતાં તીર્થંકર તુલ્ય નથી. તેઓની ભક્તિ – પૂજા–આરતી–મંત્ર–જાપાદિ તીર્થંકર ભગવંતનો વિવેક–વિનય–આદર–બહુમાન જાળવીને કરવાનાં હોય છે.

તેઓની નિત્યપૂજા કપાળે, અંગૂઠાથી કેસરથી તિલક કરવા દ્વારા કરવાની હોય છે. પરંતુ અષ્ટપ્રકારી પૂજા કે નવ અંગે પણ કેસર બરાસાદિથી પૂજા કરવાની નથી હોતી. તેઓ પ્રત્યેનો ભક્તિભાવ, ધર્મ તત્ત્વની સાચી સમજ પ્રાપ્ત થાય, આરાધનાદિ વિઘ્નવિના થાય અને જિનશાસનના મહાન કાર્યો કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે માટે સ્વકૃત કર્મો હળવા બને અંતરાયો દૂર થાય–ચિત્તશાંતિ થાય વગેરેની પ્રાર્થના–ભક્તિ વગેરે કરી શકાય.

૨૪ તીર્થંકર પરમાત્માના ૨૪ યક્ષો અને ૨૪ યક્ષિણિ, ૧૬ વિદ્યાદેવીઓ, નવગ્રહ, દશદિક્પાલ, ક્ષેત્રપાલ, શ્રી મણીભદ્રવીર, વગેરે દેવો અને દેવીઓ સમ્યગ્ દૃષ્ટિવંત કહેવાય છે. દરેક દેવ–દેવીઓના ચોક્કસ આકાર–શસ્ત્ર–મુદ્રા વગેરે નિયત હોય છે. તે આગળ જણાવેલ છે.

# વર્તમાન તીર્થંકરના યક્ષ

| ક્રમ | યક્ષ | વર્ણ | વાહન | નેત્ર | મુખ | હાથ | જમણા હાથમાં | ડાબા હાથમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોમુખ | સુવર્ણ | હાથી | ૨ | ૧ | ૪ | વરદ, માળા | બીજોરૂ, પાશ |
| ૨ | મહાયક્ષ | શ્યામ | હાથી | ૨ | ૪ | ૮ | વરદ, મુદ્ગર,માળા, પાશ | બીજોરૂ, અભય, અંકુશ, શક્તિ |
| ૩ | ત્રિમુખ | શ્યામ | મયૂર | ૩ | ૩ | ૬ | નકુલ, ગદા, અભય | બીજોરૂં, નાગ,માળા |
| ૪ | ઈશ્વર | શ્યામ | હાથી | ૨ | ૧ | ૪ | બીજોરૂં, માળા | નકુલ, અંકુશ |
| ૫ | તુંબરૂ | શ્વેત | ગરૂડ | ૨ | ૧ | ૪ | વરદ,શક્તિ | ગદા, નાગપાશ |
| ૬ | કુસુમ | નીલ | હરણ | ૨ | ૧ | ૪ | બીજોરૂં, અભય | નકુલ, માળા |
| ૭ | માતંગ | નીલ | હાથી | ૨ | ૧ | ૪ | બિલ્વ, પાશ | નકુલ, અંકુશ |
| ૮. | વિજય | નીલ | હંસ | ૩ | ૧ | ૨ | ચક્ર | મુદ્ગર |
| ૯. | અજિત | શ્વેત | કાચબો | ૨ | ૧ | ૪ | બીજોરૂં,માળા | નકુલ, ભાલો |
| ૧૦. | બ્રહ્મ | શ્વેત | પદ્મ | ૩ | ૪ | ૮ | બીજોરૂં, મુદ્ગર,પાશ અભય | નકુલ, ગદા, અંકુશ, માળા |
| ૧૧. | મનુજ | શ્વેત | બળદ | ૩ | ૧ | ૪ | બીજોરૂં,ગદા | નકુલ, માળા |
| ૧૨. | સુરકુમાર | શ્વેત | હંસ | ૨ | ૧ | ૪ | બીજોરૂં, બાણ | નકુલ, ધનુષ |
| ૧૩. | ષણ્મુખ | શ્વેત | મયૂર | ૨ | ૬ | ૧૨ | ફળ, ચક્ર, બાણ, ખડ્ગ, માળા, પાશ | નકુલ, ચક્ર, ધનુષ, અંકુશ, ઢાલ, અભય |
| ૧૪. | પાતાલ | રક્ત | મગર | ૨ | ૩ | ૬ | પદ્મ,ખડ્ગ, પાશ | નકુલ, માળા, ઢાલ |
| ૧૫. | કિન્નર | રક્ત | કાચબો | ૨ | ૩ | ૬ | બીજોરૂં, ગદા, અભય | નકુલ, પદ્મ, માળા |
| ૧૬. | ગરૂડ | શ્યામ | ભૂંડ | ૨ | ભૂંડજેવું | ૪ | બીજોરૂં, પદ્મ | નકુલ, માળા |
| ૧૭. | ગન્ધર્વ | શ્યામ | હંસ | ૨ | ૧ | ૪ | વરદ, પાશ | બીજોરૂં, અંકુશ |
| ૧૮. | યક્ષેન્દ્ર | શ્યામ | શંખ | ૩ | ૬ | ૧૨ | બીજોરૂં, બાણ, ખડ્ગ પાશ, મુદ્ગર, અભય | નકુલ, ધનુષ, ઢાલ માળા, અંકુશ, શૂળી |
| ૧૯. | કુબેર | ઈન્દ્રનુષ જેવો | હાથી | ૨ | ૪ | ૮ | વરદ, પરશુ, શુળી અભય | બીજોરૂં,શક્તિ, મુદ્ગર માળા |
| ૨૦. | વરૂણ | શ્વેત | બળદ | ૩ | ૪ | ૮ | બીજોરૂં, ગદા, બાણ શક્તિ | નકુલ, કમળ, ધનુષ પરશુ |
| ૨૧. | ભૃકુટિ | સુવર્ણ જેવો | બળદ | ૩ | ૪ | ૮ | બીજોરૂં, મુદ્ગર, અભય શક્તિ | નકુલ, વજ, માળા, પરશુ |
| ૨૨. | ગોમેધ | શ્યામ | પુરૂષ | ૨ | ૩ | ૬ | બીજોરૂં, પરશુ, ચક્ર | નકુલ, શૂળી, શક્તિ |
| ૨૩. | વામન | શ્યામ | કાચબો | ૨ | હાથીજેવું | ૪ | બીજોરૂં, સર્પ | નકુલ, સર્પ |
| ૨૪. | માતંગ | શ્યામ | હાથી | ૨ | ૧ | ૨ | નકુલ (નોળીયો) | બીજોરૂં |

## વર્તમાન તીર્થંકરની યક્ષિણી

| ક્રમ | યક્ષિણી | વર્ણ | વાહન | હાથ | જમણા હાથમાં | ડાબા હાથમાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | ચક્રેશ્વરી | સુવર્ણ | ગરૂડ | ૮ | વરદ, બાણ, ચક્ર, પાશ | ધનુષ, વજ, ચક્ર, અંકુશ |
| ૨ | અજિતા | શ્વેત | ગાય | ૪ | વરદ, પાશ | બીજોરૂં, અંકુશ |
| ૩ | દુરિતારી | શ્વેત | ઘેટો | ૪ | વરદ, માળા | ફળ, અભય |
| ૪ | કાલી | શ્યામ | પદ્મ | ૪ | વરદ, પાશ | નાગ, અંકુશ |
| ૫ | મહાકાલી | સુવર્ણ | પદ્મ | ૪ | વરદ, પાશ | બીજોરૂં, અંકુશ |
| ૬ | અચ્યુતા | શ્યામ | મનુષ્ય | ૪ | વરદ, બાણ | ધનુષ, અભય |
| ૭ | શાન્તા | સુવર્ણ | હાથી | ૪ | વરદ, માળા | શૂળી, અભય |
| ૮ | જ્વાલા | પીત | હંસ | ૪ | ખડ્ગ, મુદ્ગર | ઢાલ, પરશુ |
| ૯ | સુતારા | શ્વેત | બળદ | ૪ | વરદ, માળા | કળશ, અંકુશ |
| ૧૦ | અશોકા | નીલ | પદ્મ | ૪ | વરદ, પાશ | બીજોરૂં, અંકુશ |
| ૧૧ | વત્સા | શ્વેત | સિંહ | ૪ | વરદ, મુદ્ગર | કળશ, અંકુશ |
| ૧૨ | પ્રવરા(ચંડા) | શ્યામ | ઘોડો | ૪ | વરદ, શક્તિ | પુષ્પ, ગદા |
| ૧૩ | વિજયા | નીલ | પદ્મ | ૪ | બાણ, પાશ | ધનુષ, નાગ |
| ૧૪ | અંકુશા | શ્વેત | પદ્મ | ૪ | ખડ્ગ, પાશ | ઢાલ, અંકુશ |
| ૧૫ | પન્નગા | શ્વેત | મચ્છ | ૪ | કમળ, અંકુશ | પદ્મ, અભય |
| ૧૬ | નિર્વાણી | શ્વેત | પદ્મ | ૪ | કમળ, પુસ્તક | કમંડળ, કમળ |
| ૧૭ | અચ્યુતા | શ્વેત | મયૂર | ૪ | બીજોરૂં, શૂળી | ખીલાવાળી લઠ્ઠી પદ્મ |
| ૧૮ | ધારિણી | શ્યામ | પદ્મ | ૪ | બીજોરૂં, કમળ | માળા, પાશ |
| ૧૯ | વૈરોટ્યા | શ્યામ | પદ્મ | ૪ | વરદ, માળા | બીજોરૂં, શક્તિ |
| ૨૦ | અચ્છુપ્તા | પીત | ભદ્રાસન | ૪ | વરદ, માળા | બીજોરૂં, શૂળી |
| ૨૧ | ગાંધારી | શ્વેત | હંસ | ૪ | વરદ, ખડ્ગ | બીજોરૂં, ભાલો |
| ૨૨ | અંબિકા | સુવર્ણ | સિંહ | ૪ | આમ્રલુંબી, પાશ | પુત્ર, અંકુશ |
| ૨૩ | પદ્માવતી | સુવર્ણ | કુર્કટસર્પ | ૪ | પદ્મ, પાશ | ફળ, અંકુશ |
| ૨૪ | સિદ્ધાયિકા | નીલ | સિંહ | ૪ | પુસ્તક, અભય | બીજોરૂં, વીણા |

## શ્રી સોળ વિદ્યાદેવીઓ :

સોળ વિદ્યાદેવીઓનાં સ્વરૂપનો કેટલોક પરિચય શ્રીબપ્પભટ્ટિસૂરિએ સ્તુતિ–ચતુર્વિંશતિકામાં, શ્રીપાદલિપ્તાચાર્યે નિર્વાણ–કલિકામાં અને શ્રી વર્ધમાનસૂરિએ આચારદિનકરમાં આપેલો છે. તે પરથી તેનું સ્વરૂપ અહીં રજૂ કરવામાં આવ્યું છે. વિદ્યા–દેવીઓનાં જે શિલ્પ મળે છે, તેમાં હાથની સંખ્યામાં તફાવત જણાય છે અને તેનાં આયુધોમાં પણ ભેદ નજરે પડે છે.

| ક્રમ | વિદ્યાદેવીઓ | વર્ણ | વાહન | હાથ | જમણા હાથમાં | ડાબા હાથમાં | મંત્ર–જાપ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રોહિણી | શ્વેત | ગાય | ૪ | જપમાલા, બાણ | શંખ, ધનુષ્ય | ૐ યાં રોહિણ્યૈ અં નમ: |
| ૨ | પ્રજ્ઞપ્તિ | શ્વેત | મયૂર | ૪ | શક્તિ, વરદ | બીજોરૂં, શક્તિ | ૐ રાં પ્રજ્ઞપયૈ આં નમ: |
| ૩ | વજ્રશૃડ્ખલા | શ્વેત | પદ્મ | ૪ | વરદ, શૃંખલા | કમળ, શૃંખલા | ૐ લાં વજ્રશૃંખલાયૈ ઇં નમ: |
| ૪ | વજ્રાંકુશી | સુવર્ણ | હાથી | ૪ | વરદ, વજ્ર | બીજોરૂં, અંકુશ | ૐ વાં વજ્રાકુશ્યૈ ઈં નમ: |
| ૫ | અપ્રતિચક્રા | વીજળી જેવો | ગરુડ | ૪ | ચક્ર, ચક્ર | ચક્ર, ચક્ર | ૐ શાં અપ્રતિચક્રાયૈ ઉં નમ: |
| ૬ | પુરુષદત્તા | સુવર્ણ | ભેંસ | ૪ | વરદ, ખડ્ગ | બીજોરૂં, ઢાલ | ૐ ષાં પુરુષદત્તાયૈ ઉં નમ: |
| ૭ | કાલી | શ્યામ | પદ્મ | ૪ | જપમાલા,ગદા | વજ્ર, અભય | ૐ સાં કાલ્યૈ ઋં નમ: |
| ૮ | મહાકાલી | અતિશ્યામ | પુરુષ | ૪ | અક્ષસૂત્ર,વજ્ર | વજ્ર, અભય | ૐ હાં  મહાકાલ્યૈ ૠં નમ: |
| ૯ | ગૌરી | ગૌરકનક | ગોધા | ૪ | વરદ, મુશલમાળા | જપમાલા, કમલ | ૐ યૂં ગૌયૈ લું નમ: |
| ૧૦ | ગાંધારી | નીલ | કમલ | ૪ | વરદ, મુશલમાળા | અભય, વજ્ર | ૐ રૂં ગાન્ધાર્યૈ લૂં નમ: |
| ૧૧ | સર્વાસ્રમહાજ્વાલા | ધવલ | વરાહ | ૨ | | | ૐ લૂં સર્વાસ્રમહાજ્વાલાયૈ એં નમ: |
| ૧૨ | માનવી | શ્યામ | કમલ | ૪ | વરદ, પાશ | જપમાલા, વૃક્ષ | ૐ વૂં માનવયૈ ઐં નમ: |
| ૧૩ | વૈરોટ્યા | શ્યામ | અજગર | ૪ | ખડ્ગ, સર્પ | ઢાલ, સર્પ | ૐ શૂં વૈરોટ્યાયૈ ઓં નમ: |
| ૧૪ | અચ્છુપ્તા | વીજળી | અશ્વ | ૪ | ખડ્ગ, બાણ | ઢાલ, ધનુષ્ય | ૐ ષૂં અચ્છુપ્તાયૈ ઔં નમ: |
| ૧૫ | માનસી | ધવલ | હંસ | ૪ | વરદ, વજ્ર | જપમાલા, વજ્ર | ૐ સૂં માનસ્યૈ અં નમ: |
| ૧૬ | મહામાનસી | ધવલ | હંસ | ૪ | વરદ, ખડ્ગ | કુંડિકા, ઢાલ | ૐ હૂં મહામાનસ્યૈ અ: નમ: |

૦